RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 03, Dt.11-4-2025 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પે નરમ વલણ દાખવતા શેરબજારમાં ઉછાળો

## સેન્સેકસ ૧૪૦૦ તો નીફટી ૪૦૦થી વધુ પોઈન્ટનો ઉછાળો : રોકાણકારોને ૭ લાખ કરોડનો ફાયદો : અમેરિકી બજાર તુટયું પણ ભારતનું બજાર સુધર્યુ : ભારત ટેરિફ 'પચાવી' લેશે તેવા એંધાણ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

અમેરિકામાં પારસ્પરિક ટેરિફ પર ૯૦ દિવસના બ્રેકને કારણે આજે સ્થાનિક શેરબજારમાં તીવ્ર તેજી જોવા મળી રહી છે. શરૂઆતના કારોબારમાં ગ્સ્ચ્ સેન્સેક્સ ૧,૪૦૦ પોઈન્ટથી વધુ ઉછળ્યો હતો જ્યારે નિફ્ટીએ પણ ૨૨,૮૫૦ પોઈન્ટને પાર કર્યો હતો. સન ફાર્મા અને ટાટા મોટર્સના શેરમાં ૪ ટકાથી વધુનો વધારો થયો છે. સવારે ૧૦ વાગ્યે, બીએસઈ સેન્સેક્સ ૧૪૩૧ પોઈન્ટ વધીને ૭૫૨૭૮ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૪૭૨ પોઈન્ટ વધીને ૨૨૮૭૧ પોઈન્ટ પર પહોંચ્યો. આ વધારા સાથે, ઈજઊ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ૬.૯૭ લાખ કરોડ રૂપિયા વધીને ૪૦૦.૭૯ લાખ કરોડ રૂપિયા થયું.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સિવાયના તમામ દેશો માટે પારસ્પરિક ટેરિફ પર ૯૦ દિવસનો બ્રેક લાદવાની જાહેરાત કરી છે. ચીન પર પારસ્પરિક ટેરિફ વધારીને ૧૪૫ ટકા કરવામાં આવ્યો છે. ગુરુવારે મહાવીર જયંતિના કારણે સ્થાનિક શેરબજાર બંધ રહ્યા હતા. એટલા માટે આજે બજારે તેના પર પ્રતિક્રિયા આપી. સેન્સેક્સના 30 માંથી ૨૭ શેર વધારા સાથે ખુલ્યા. સન ફાર્મા, ટાટા સ્ટીલ અને ટાટા મોટર્સના શેરમાં સૌથી વધુ વધારો જોવા મળ્યો છે. બીજી તરફ, એશિયન પેઈન્ટ્સ, ઈન્ડસઈન્ડ બેંક અને ટીસીએસના શેરમાં ઘટાડો થયો હતો.



વેલસ્પન લિવિંગના શેર આજે ૬ ટકાથી વધુ વધીને રૂ. ૧૨૦ પર ટ્રેડ થઈ રહ્યા છે. નુવામા વેલ્થના શેરમાં ૫ ટકાનો વધારો થયો છે, જ્યારે કેન્સ ટેકના શેરમાં ૪.૬૬ ટકાનો વધારો થયો છે. પીઆઈ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૫.૪૫ ટકાનો વધારો થયો છે, જ્યારે કેપીઆઈટી ટેકના શેરમાં ૫ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત, સોલાર ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ૩.૫૦ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝિસમાં ૪.૬૦ ટકા, ટાટા સ્ટીલમાં ૪.૩૬ ટકા, ટાટા મોટર્સમાં ૪.૨૧ ટકા અને ઉંજ્ઞમાં ૪.૨૬ ટકાનો વધારો થયો છે.

બુધવારના વધારા પછી, ગુરુવારે વૈશ્વિક બજારમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે. ડાઉ જોન્સ ૧૦૦૦ પોઈન્ટથી વધુ ઘટયો. ત્યાં તે ૩ થી ૪ ટકા ઘટયું. આ ઉપરાંત એશિયન બજારમાં ઘટાડો જોવા મળ્યો. જાપાનનો નિક્કી ૧૪૦૦ પોઈન્ટ ઘટયો હતો. તે જ સમયે, ચીનના શેરબજારમાં થોડો વધારો જોવા મળ્યો છે.

## સોનામાં આગ ઝરતી તેજી :રૂ.૯૬૪૦૦ની નવી ટોચે, રૂપિયો પણ ઉંચકાયો



અમેરિકાએ ટેરિફમાં ચીન સિવાયનાં દેશોને મુદત આપી છે. પરંતુ અમેરિકા-ચીન વચ્ચે ટ્રેડવોર ભયાનક હશે અને વિશ્વભરમાં તેના પ્રત્યાઘાતો પડવાની આશંકાથી સોના-ચાંદીમાં જોરદાર તેજી હતી.

સોનાનો વૈશ્વિક ભાવ ૩૨૦૦ ડોલરને વટાવી ગયો હતો. અને આજે સવારે ૩૨૧૨ ડોલર સાંપડયો હતો. ત્રણ જ દિવીસમાં નીચલા સ્તરથી ૨૫૦ ડોલરનો ઉછાળો નોંધાયો છે.

રાજકોટમાં હાજર સોનું ૧૦ ગ્રામે વધુ ૨૧૦૦ રૂપિયાના ઉછાળાથી ૯૬૪૦૦ થયુ હતું. ચાંદી ૨૦૦ રૂપિયાનાં ઉછાળાથી ૯૫૪૦૦ રહી હતી વિશ્વ બજારમાં ચાંદીનો ભાવ ૩૧.૩૪ ડોલર હતો. બીજી તરફ ચલણ માર્કેટમાં આજે ડોલર સામે રૂપિયામાં જોરદાર ઉછાળો હતો ૭૦ પૈસા ઉંચકાઈને ૮૫.૯૫ સાંપડયો હતો. છેલ્લા ત્રણ-ચાર દિવસમાં રૂપિયાનું જબરૂ ધોવાણ થયુ હતું તે ઉલ્લેખનીય છે.

## યુપી-બિહારમાં વરસાદ-વીજળીનો કહેર: ૮૩નાં મોત

**મુખ્ય સમાચાર,લખનૌ**

દેશમાં હવામાનનું બેવડું વલણ ચાલુ છે. એક તરફ તીવ્ર ગરમી છે અને બીજી તરફ વાવાઝોડું અને વરસાદનો કહેર છે. ૧૦ એપ્રિલે યુપી-બિહારમાં વાવાઝોડાને કારણે ૮૩ લોકોના મોત થયા હતા. આમાંથી ૬૧ મૃત્યુ બિહારમાં અને ૨૨ મૃત્યુ યુપીમાં થયાં હતાં.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, શુક્રવારે પણ જમ્મુ-કાશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, બિહાર, ઝારખંડ, ઓડિશા, કેરળ, તમિલનાડુ, આસામ, મેઘાલયમાં ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તોફાની પવન ફૂંકાઈ શકે છે. વીજળી પડવાની ચેતવણી પણ છે. ભારે વરસાદની પણ શક્યતા રહેશે. ગુરુવારે ઉત્તરાખંડના ચમોલીમાં વાદળ ફાટ્યું હતું.

દેશમાં પણ કાળઝાળ ગરમી પડી રહી છે. મોટાભાગનાં રાજ્યોમાં, ગુરુવારે દિવસનું તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું. રાજસ્થાનના બાડમેરમાં સૌથી વધુ ૪૪.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે પણ દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, ઓડિશા અને ઉત્તર પ્રદેશમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહેશે. રાજસ્થાન-ગુજરાતમાં તે ૪૦-૪૩ઓઈ સુધી જઈ શકે છે. દિલ્હીમાં પણ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસની નજીક રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજસ્થાનના જેસલમેર-બાડમેર, ગુજરાતના સૌરાષ્ટ્ર-કચ્છ, પશ્ચિમ યુપી, હરિયાણા, પંજાબ,



સમગ્ર દિલ્હી-એનસીઆરમાં લૂ ફૂંકાશે. મધ્યપ્રદેશના 30 જિલ્લાઓમાં ગરમીનું એલર્ટ છે. દક્ષિણનાં રાજ્યોમાં ગરમીના મોજા માટે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

આજે હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં વરસાદની શક્યતા છે. ખાસ કરીને કાંગડા અને કુલ્લુ જિલ્લામાં વાવાઝોડા અને કરા પડવાને લઈને ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. આ સિઝનમાં પહેલીવાર ઓરેન્જ એલર્ટની ચેતવણી આપવામાં આવી છે. ચંબા, મંડી, સિમલા, સોલન, સિરમૌર અને લાહૌલ સ્પીતિ જિલ્લામાં કરા અને વીજળી પડવાનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

## કોઈપણ આરોપી જો વોરંટની સર્વિસમાં અડચણો ઉભી કરે તો વચગાળાના જામીનનો અધિકાર નહીં :સુપ્રિમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

સુપ્રિમ કોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યું હતું કે, કોઈપણ આરોપી જો વોરંટની સર્વિસમાં અડચણો ઉભી કરે છે કે કેસની કાર્યવાહીથી ભાગે છે તે વચગાળાના જામીનનો અધિકાર નથી મળતો. સુપ્રિમ કોર્ટે કહ્યું હતું કે મામલાની તપાસ બાદ જયારે અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવે છે ત્યારે આરોપીને સમન કે વોરંટ ઈસ્યુ કરવામાં આવે છે તો તે કાયદાને આધિન સરન્ડર કરવા માટે બંધાયેલ છે. જો તે ખુદને છુપાવે છે કે અને કાયદા સામે રજુ નથી થતા તો તેમને આગોતરા જામીનનો લાભ ન આપવો જોઈએ. ખાસ કરીને જયારે અદાલત તેને પહેલી નજરે ગંભીર આર્થિક નજરે ગંભીર આર્થિક અપરાધ કે કુર અપરાધોમાં આરોપી સમજી હોય. આ સંદર્ભમાં સુપ્રિમ કોર્ટે આરોપીઓને આપવામાં આવેલ આગોતરા જામીન રદ કરી દીધા હતા જે ખાસ અદાલત દ્વારા અગાઉ જામીન વોરંટ અને બાદમાં બીનજામીન વોરંટ અને ભાગેડુ જાહેર કરવાની કાર્યવાહી બાદ પણ રજુ ન થયા હોલ.

આરોપી પર કંપની અધિનિયમની ધારા ૪૪૭ ભારતીય દંડ સંહિતા અંતર્ગત વિભિન્ન અપરાધોનો આરોપ હતો.ગંભીર છેતરપીંડી તપાસ કાર્યાલય (એસએફઆઈઓ)એ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટ દ્વારા આપવામાં જામીનની સામે ખાસ મંજુરી અરજી (એસએલપી) દાખલ કરી હતી. જયારે ખાસ અદાલતે તેમની આગોતરા જામીન અરજી પહેલાં જ ફગાવી દીધી



હતી. સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે, આરોપી ૨૦૨૨ થી વોરંટનો અમલ કરવાથી ભાગતો રહ્યો હતો અને ૨૦૨૩ માં હાઈકોર્ટથી તેને જામીન મળ્યા હતા. કોર્ટ એ પણ વાત પર પણ જોર આપ્યું કે જયારે આરોપી સામે ધરપકડ વોરંટ જાહેર થઈ જાય કે તેને ભાગેડુ જાહેર કરવાની કાર્યવાહી શરૂ થઈ જાય તો આવી સ્થિતિમાં આગોતરા જામીન આપવાની અસાધારણ શકિતનો ઉપયોગ નથી કરી શકાતો. કોર્ટે સ્પષ્ટ કર્યુ હતું કે આગોતરા જામીન એક વિશેષાધિકાર છે.નિયમ નથી અને તે તેને મળવો જોઈએ જે કાયદાનું સન્માન કરે છે.

## જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડમાં એક આતંકવાદી ઠાર

### જંગલવાળા વિસ્તારમાં સેનાએ ૨-૩ આતંકવાદીઓને ઘેરી લીધા

**મુખ્ય સમાચાર,જમ્મુ**

શુક્રવારે જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લાના ગાઢ જંગલોમાં ચાલી રહેલા એન્કાઉન્ટરમાં સુરક્ષા દળોએ એક આતંકવાદીને ઠાર માર્યો હતો. સેનાનું ઓપરેશન હજુ પણ ચાલુ છે.

૯ એપ્રિલના રોજ, સુરક્ષા દળોએ ચતરુ જંગલ વિસ્તારમાં શંકાસ્પદ હિલચાલ જોઈ હતી, જેના પગલે આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે ગોળીબાર થયો હતો. ત્યારથી આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

આ વિસ્તારમાં ૨-૩ આતંકવાદીઓ છુપાયેલા હોવાના અહેવાલ છે. આસપાસના ગામડાઓમાં સુરક્ષા દળોની ભારે તૈનાતી કરવામાં આવી છે અને તકેદારી વધારી દેવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન કોઈ સુરક્ષા કર્મચારી ઘાયલ થયાના સમાચાર નથી.

સુરક્ષા એજન્સીઓ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે માર્યા ગયેલા આતંકવાદી કયા સંગઠન સાથે સંકળાયેલા હતા. સ્થાનિક લોકોને પણ સતર્ક રહેવા અને કોઈપણ શંકાસ્પદ ગતિવિધિની તાત્કાલિક જાણ કરવા અપીલ કરવામાં આવી છે.

આ પહેલા, ૪ અને ૫ એપ્રિલની રાત્રે ઈજ્ઞ્ક્ષ સૈનિકોએ જમ્મુમાં ક્જ્ઞઈ પાસે આરએસપુરા સેક્ટરમાં એક પાકિસ્તાની ઘુસણખોરને ઠાર માર્યો હતો. જ્યારે ૧ એપ્રિલના રોજ, ક્જ્ઞઈ પર સેનાના એન્કાઉન્ટરમાં ૪-૫ પાકિસ્તાની ઘુસણખોરો માર્યા ગયા હતા. આ ઘટના પૂંછમાં ક્જ્ઞઈ પર કૃષ્ણા ઘાટી સેક્ટરના આગળના વિસ્તારમાં બની હતી.

૧ એપ્રિલના રોજ, ક્જ્ઞઈને અડીને આવેલા વિસ્તારમાં ૩ ખાણ વિસ્ફોટ થયા હતા અને પાકિસ્તાન તરફથી પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ દરમિયાન આતંકવાદીઓએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. ભારતીય સેનાએ ગોળીબાર કરીને જવાબી કાર્યવાહી કરી હતી. જેમાં ૪ થી ૫ ઘુસણખોરો માર્યા ગયા હતા.

સેનાએ કહ્યું, ૧ એપ્રિલના રોજ પાકિસ્તાની સેનાએ ક્જ્ઞઈ પારથી ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો. આના



કારણે કૃષ્ણા ઘાટી સેક્ટરમાં ખાણ વિસ્ફોટ થયો. પાકિસ્તાની સેનાએ ઉશ્કેરણી વિના ગોળીબાર કર્યો અને યુદ્ધવિરામનો ભંગ થયો.

સેનાએ કહ્યું- અમારા સૈનિકોએ ગોળીબારનો જવાબ આપ્યો. પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને તેના પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. ભારતીય સેનાએ ક્જ્ઞઈ પર શાંતિ જાળવવા માટે ૨૦૨૧ના ઉશ્ર્હૃજખઘ કરારને જાળવી રાખવાની હાકલ કરી છે.

## આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ ઓટોમેટેડ સીસ્ટમ દ્વારા વિશ્વના પ્રથમ બાળકનો જન્મ

**મુખ્ય સમાચાર,મુંબઈ**

કૃત્રિમ ગર્ભધારણ માટેની ઈન વિટ્રો ફર્ટિલાઈઝર્સ માટે જે પ્રક્રિયા અત્યાર સુધી નિષ્ણાંતો દ્વારા લેબોરેટરીમાં થતી હતી એ આખી પ્રક્રિયા હવે આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સ (અઈ)આધારીત સીસ્ટમ દ્વારા કરી શકાય છે. ન્યુયોર્ક અને મેકિસકોમાં કન્સીવેબલ લાઈફ સાયન્સિસ ટીમનાં એમ્બ્રોયોલોજીસ્ટ ડો.જેકીસ કોહેનના નેતૃત્વમાં એક એવી ઓટોમેટેડ સિસ્ટમ શોધાઈ છે જેમાં માનવ નિષ્ણાંતોની મદદ વિના IVF ની પ્રક્રિયા માટે જરૂરી ૨૩ પ્રોસીજર્સ આપમેળે થઈ શકે છે.

કૃત્રિમ ગર્ભધારણ માટે લેબોરેટરીમાં ચોકકસ તાપમાને એક એક એગમાં સ્પર્મ ઈન્જેકટ કરવાની ઈન્ટ્રાસાઈટોપ્લાઝમિક સ્પર્મ ઈન્જેકશન



પ્રક્રિયા જે મેન્યુઅલી કરવામાં આવે છે. આ નવી શોધાયેલી સિસ્ટમ મુજબ અઈ દ્વારા થઈ છે. ICSI પદ્ધતિમાં જે ૨૩ સ્ટેપ્સ નિષ્ણાંતો દ્વારા મેન્યુઅલી કરવામાં આવે છે એ તમામ સ્ટેપ્સ હ્યુમન હેન્ડની મદદ વિના રિમોટ ડીજીટલ કન્ટ્રોલ દ્વારા આપમેળે કરી શકાય છે. આ પદ્ધતિથી તૈયાર થયેલા ભ્રુણમાંથી મેકિસકોની હોપ ઈંટ્ર્ક્ષ હોસ્પિટલમાં એક બોયનો જન્મ થયો છે.૪૦ વર્ષની એક મહિલાએ અનેક નિષ્ફળ સાયકલ પછી અઈ સંચાલીત IVF સિસ્ટમ દ્વારા તૈયાર થયેલા ચાર ભ્રુણમાંથી એક બેબીને પોતાના ગર્ભાશયમાં સ્થાપિત કરીને સ્વસ્થ બાળકને જન્મ આપ્યો હતો. આ વિશ્વનું પહેલુ બાળક છે જે આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ દ્વારા ઓટોમેટેડ સીસ્ટમથી પેદા થયુ છે.

## સરકાર ભારતીય ઉદ્યોગ માટે મોટી રાહતની જાહેરાત કરી શકે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

એસ ટેરિફ વચ્ચે ભારતમાં ઉદ્યોગસાહસિકો અને નિકાસકારોને જે નુકસાન થઈ રહ્યું છે તેનું મૂલ્યાંકન કરવા માટે સરકારી સ્તરે શ્રેણીબદ્ધ બેઠકો શરૂ થઈ છે. માનવામાં આવે છે કે વિસ્તૃત ચર્ચા બાદ સરકાર તેમના માટે મોટી રાહતની જાહેરાત કરી શકે છે.

વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો અને વેપારી સંસ્થાઓના પ્રતિનિધિઓને બોલાવવામાં આવી રહ્યા છે. તેમની પાસેથી ગ્રાઉન્ડ લેવલ પર થઈ રહેલા નુકસાન વિશે માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં પણ બેઠક યોજાવાની છે. નિકાસકારો સાથે પ્રથમ રાઉન્ડની બેઠક યોજાઈ છે, જેમાં નિકાસકારોએ સમગ્ર મામલો વાણિજ્ય પ્રધાન પીયૂષ ગોયલ સમક્ષ મૂક્યો હતો.

નિકાસકારો અને ઉદ્યોગસાહસિકોએ જણાવ્યું હતું કે છેલ્લા ઘણા સમયથી નિકાસમાં મુશ્કેલીઓ થઈ રહી છે. સૌપ્રથમ, લાલ સમુદ્રની કટોકટી, ગલ્ફ ક્ષેત્રમાં ફેલાયેલ ઈઝરાયેલ-હમાસ સંઘર્ષ, રશિયા-યુક્રેન સંઘર્ષને કારણે નિકાસને અસર થઈ હતી. હવે અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટેરિફને કારણે બિઝનેસને પણ અસર થશે. નિકાસકારોએ વિવિધ પ્રકારની છૂટની માંગણી કરી છે.

અનેક રાઉન્ડમાં બેઠકો: સરકાર સાચી સ્થિતિ જાણવા માટે તે નિકાસકારો તેમજ વિવિધ પ્રદેશોના પ્રતિનિધિઓ સાથે વાત કરશે. ત્યાર બાદ બિઝનેસ



સંબંધિત નિર્ણયો લેવામાં આવશે.

સરકાર ઉદ્યોગને રાહત આપવા માટે મોટી જાહેરાત કરી શકે છે પરંતુ તે પહેલા તે સ્થિતિનું યોગ્ય આકલન કરવા માંગે છે. બીજી તરફ આર્થિક સંશોધન સંસ્થા ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટીવએ કહ્યું છે કે ભારતે અમેરિકા સાથે ઝીરો ડ્યુટી કરાર પર વિચાર કરવો જોઈએ.

## મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને અમદાવાદ લવાશે

### હુમલાના એક સપ્તાહ પુર્વે તે ગુજરાતમાં હતો : સંભવિત ટાર્ગેટ અંગે રેકી કરી હોય તેવી પણ આશંકા

**મુખ્ય સમાચાર,મુંબઈ**

૨૬/૧૧ મુંબઈ હુમલાના માસ્ટર માઈન્ડ તહવ્વુર રાણાને ભારત લવાયા બાદ હવે નેશનલ ઈનવેસ્ટીગેશન એજન્સી ભારત પરના આ એક મોટા ત્રાસવાદી હુમલાનો પુરો ઈતિહાસ શોધવા માંગે છે અને રાણા એ પ્રથમથી જ આ હુમલાના આયોજનથી અમલ સુધી જોડાયો હોવાથી તે આ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી શકે છે.

હાલ તો રાણાની પ્રાથમીક નકુંડળીથ તૈયાર કરશે તે બાદ ભારતમાં તે કયાં કયા આ હુમલાના આયોજન માટે ગયો હતો તે પણ ચકાસશે. જેના ભાગરૂપે આગામી સમયમાં તેને અમદાવાદ પણ લઈ અવાશે.

તા.૨૬/૧૧ના હુમલાના એક સપ્તાહ પુર્વે જ ૬૪ વર્ષીય આ પાકિસ્તાની મૂળના કેનેડીયન નાગરિક તહવ્વુર રાણા અને તેના પત્ની તા.૧૮-૧૯ નવેમ્બર ૨૦૦૮ના અમદાવાદમાં રોકાયા હતા તેમાં મીઠાખળીની લેમન ટ્રી હોટલમાં રોકાયા હતા. તેના પત્નીનું નામ સર્માઝ અખ્તર તરીકે હોટેલના રજીસ્ટરમાં પાસપોર્ટના આધારે નોંધાયું હતું. આ માહિતી અમદાવાદ પોલીસે મુંબઈ હુમલાની તપાસની કડીના ભાગરૂપે જાન્યુઆરી ૨૦૧૦ના મેળવી હતી. જોગાનુજોગ હાલ અમદાવાદના પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવતા રાજયના સીનીયર આઈપીએસ અધિકારી જી.એસ.મલીક જેઓ તે સમયે સ્પેશ્યલ બ્રાન્ચના આઈજી હતા તેના જ નેતૃત્વમાં આ તપાસ થઈ હતી





અને હોટલ સંચાલકોએ વિદેશી પ્રવાસીઓ અંગે જે માહિતી મેળવવાના નિયમ હોય છે તેના ભંગ કરવા બદલ હોટેલ સંચાલકો સામે કેસ કર્યા હતા.


તે વખતે એમ પણ મનાયું હતું કે, અમદાવાદ પણ સંભવિત ટાર્ગેટ હોઈ શકે છે. ૨૬/૧૧/૨૦૦૮ના મુંબઈમાં અજમલ કવાબ સહિતના ૧૦ ત્રાસવાદીઓએ દરિયાઈ માર્ગે મુંબઈમાં પ્રવેશીને જે રીતે અલગ અલગ લોકેશન પર ત્રાસવાદી હુમલા કર્યા તેમાં ૧૬૦ લોકોના મોત થયા અને બાદમાં નેશનલ કમાન્ડોએ કસાબ સિવાય તમામ ત્રાસવાદીઓને ઠાર મારી આતંકી હુમલાનો અંત લાવ્યો હતો અને કસાબ સામે કાનૂની કાર્યવાહી બાદ તેને ફાંસીની સજા અપાઈ હતી.

# દ્વારકામાં ભગવાનશ્રી કૃષ્ણ અને રાણી રૂક્મણીજીના વિવાહ સત્કાર સમારોહનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

દ્વારકા સર્કિટ હાઉસ પાછળના મેદાનમાં ૨૫૦ જેટલા કલાકારો દ્વારા કૃષ્ણ અને રુકમણીજીના જીવન પર આધારિત અદભુત મલ્ટીમીડિયા શો પ્રસ્તુત કરાયો એક ભારત શ્રેષ્ઠ ભારત ભાવનાને ઉજાગર કરતી પૂર્વ અને પશ્ચિમ ભારતની કલા, સંસ્કૃતિ અને વારસાના અનોખા સંગમમાં વિશાળ સંખ્યામાં દ્વારકાવાસીઓ બન્યા સહભાગી.માધવપુર ઘેડના મેળા પાંચમાં દિવસે ભગવાન કૃષ્ણ અને રુક્મણીજી વિવાહને સત્કારવા માટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દેવભૂમિ દ્વારકાના સયુંકત ઉપક્રમે સર્કિટ હાઉસ પાછળના મેદાન ખાતે ભવ્ય સત્કાર સમારોહ યોજાયો હતો.આ સત્કાર સમારોહમાં પ્રવાસનમંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય કક્ષાનું બહુમાન ધરાવતો માધવપુરનો મેળો આધુનિક યુગમાં પ્રાચીન પરંપરાઓને ઉજાગર કરે છે. માધવપુરથી નીકળેલી ભગવાનની જાનને સત્કારવા માટે ગાંધવી(હર્ષદ) થી રુક્મણીજી મંદિર સુધી બાળકોથી માંડી વયોવૃદ્ધ દ્વારા શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. માધવપુરમાં યોજાતી વર્ષો જૂની મેળાની પરંપરા જાળવી રાખનાર સૌ કોઈ અભિનંદનને પાત્ર છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની એક ભારત શ્રેષ્ઠ ભારતની ભાવનાને ઉજાગર કરતું શ્રેષ્ઠ ઉદાહરણ છે કૃષ્ણ - દેવી રુક્મણીજી વિવાહના પ્રસંગમાં ઉજવાતો પાંચ દિવસીય માધવપુરનો મેળો. આ વારસાને ઉજાગર રાખવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોથી ગુજરાત સરકાર દ્વારા વિશાળ આયોજનો કરવામાં આવ્યા છે. લોકો આધુનિકતા સાથે પરંપરાઓ અને વારસાનું મહત્વ સમજે અને વિવિધતામાં એકતાની ભાવના ઉજાગર થાય તે હેતુથી આ વર્ષે અમદાવાદ, સુરત, વડોદરા અને સોમનાથમાં પણ સાંસ્કૃતિક કલાકૃતિઓ અને કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.





માધવપુરનો મેળો ગુજરાતને દેશના ઉત્તરપૂર્વ વિસ્તાર સાથે એક અભિન્ન બંધનમાં જોડે છે. મેળા દ્વારા લોકોને અને ખાસ કરીને યુવા પેઢીને આપણા વારસા, સંસ્કૃતિ, કલા, હસ્તકલા અને પરંપરાગત ભોજન વિશે જ્ઞાન મેળવવાની તક મળે છે. મેળો પ્રવાસનને પણ પ્રોત્સાહન આપે છે. ગુજરાતના માધવપુરનો મેળો એક ભારત-શ્રેષ્ઠ ભારતની ભાવના ખરા અર્થમાં રાષ્ટ્રીય ફલક પર સાંસ્કૃતિક પર્વ તરીકે ઉજાગર થઈ રહ્યો છે.આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સભ્ય સચિવ રમેશ મેરજા દ્વારા કરવામાં આવ્યું હતું.આ સમારોહમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણા, ધારાસભ્ય પબુભા માણેક, નોર્થ ઈસ્ટ કાઉન્સિલના મેમ્બર લોંગકી ફાંગ્ચો, કેન્દ્ર સરકારની મિનિસ્ટ્રી ઓફ કલ્ચરલના ડાયરેક્ટર પલ્લવી હોલ્કર, દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર રાજેશ તન્ના, પોરબંદર જિલ્લા કલેક્ટર એસ.ડી.ધાનાણી, જામનગર જિલ્લા કલેક્ટર કે.બી.ઠક્કર, નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, દ્વારકા તાલુકા પંચાયત પ્રમુખ દેવીસીંગભા હાથલ, દ્વારકા નગરપાલિકા પ્રમુખ કોમલબેન ડાભી, અગ્રણી મયુરભાઈ ગઢવી સહિત બહોળી સંખ્યામાં દ્વારકાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ઉનાના પાલડી ગામે મહાદેવ ઈલેવન પાલડી દ્વારા ઓપન નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું

### નલિયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ દ્વારા વિજય ટીમને ઇનામ આપવામાં આવ્યા

**મુખ્ય સમાચાર અબ્દુલ પઠાણ ઉના**

ઉના તાલુકાના પાલડી ગામે એક ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ નો આયોજન કરવામાં આવ્યું મહાદેવ ઈલેવન પાલડી આયોજિત ઓપન ક્રિકેટ ટુર્નામેન્ટનુ આયોજન કરવામાં આવતા દરરોજ રાત્રે ક્રિકેટ પ્રેમી ભાઈઓ રમવા આવતા હોય છે અને વિશાળ સંખ્યામાં તેને જોવા પણ લોકો આવતા હોય છે ત્યારે આજે રાત્રે આ ટુર્નામેન્ટમાં કુલ છ ટીમોએ ભાગ લીધો હતો જેમાં અને બરાબરની રસા કશી વાળી મેચ જોવા મળી હતી ત્યારે ફેલેમીગો ૧૧ નાલિયા માંડવી ગામની એમનો વિજય થતા ઈનામોની વણઝાર કરવામાં આવી મેન ઓફ ધ મેચ થયા છે તેને એક કપ આપવામાં આવ્યો અને તેને ઉત્સાહભેર વધાવવામાં આવ્યો આ ક્રિકેટ ટીમ માં ટોટલ ૫૨ ટીમો ભાગ લેશે આવું સુંદર આયોજન કરવામાં આવ્યું નલિયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ રફિકભાઈ સુમરા તેમના દ્વારા વિજય ટીમને તેમના હસ્તે ઈનામ આપવામાં આવ્યા અને આવું સુંદર આયોજન થયું હતું




## ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ હવે મંડપમને બદલે રામેશ્વરમ સુધી જશે

દક્ષિણ રેલ્વે દ્વારા રામેશ્વરમ અને મંડપમ વચ્ચે સ્થિત પ્રખ્યાત પંબન બ્રિજ નું નવીનીકરણ કાર્ય પૂર્ણ થયા પછી, રેલ ટ્રાફિક માટે ફરીથી ખોલવામાં આવ્યો છે. આ કારણે, ટ્રેન સંખ્યા ૧૬૭૩૪ ઓખા-રામેશ્વરમ એક્સપ્રેસ તાત્કાલિક અસરથી દર મંગળવારે ઓખાથી ૦૮.૪૦ વાગ્યે ઉપડશે અને મંડપમ સ્ટેશનને બદલે ફરીથી રામેશ્વરમ સ્ટેશન સુધી જશે. આ ટ્રેન ગુરુવારે ૧૯.૧૦ વાગ્યે રામેશ્વરમ પહોંચશે. પરત મુસાફરીમાં, ટ્રેન નં. ૧૬૭૩૩ રામેશ્વરમ-ઓખા એક્સપ્રેસ પણ તાત્કાલિક અસરથી મંડપમને બદલે રામેશ્વરમથી શરૂ થશે અને ઓખા સુધી જશે. આ ટ્રેન દર શુક્રવારે રામેશ્વરમથી ૨૨.૩૦ વાગ્યે ઉપડશે અને સોમવારે ૧૦.૨૦ વાગ્યે ઓખા પહોંચશે. આ ઉપરાંત, આ બંને ટ્રેનોને મંડપમ અને રામનાથપુરમ સ્ટેશન પર વધારાનો સ્ટોપેજ આપવામાં આવ્યું છે. ટ્રેનો ના સંચાલન અને સ્ટોપેજ સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ૧૮ જૂનની ઓખા-પુરી એક્સપ્રેસ રદ

દક્ષિણ મધ્ય રેલ્વેના સિકંદરાબાદ ડિવિઝનના બલ્લારશાહ-કાઝીપેટ સેક્શનમાં સ્થિત બેલ્લમપલ્લી યાર્ડમાં ત્રીજી લાઇન પેચ ટ્રિપલીંગના કામ માટે બ્લોક લેવામાં આવશે. આ બ્લોકને કારણે, ૧૮.૦૬.૨૦૨૫ ના રોજ ઓખાથી ઉપડતી ટ્રેન નં. ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ અને ૧૫.૦૬.૨૦૨૫ ના રોજ ટ્રેન પુરીથી ઉપડતી નં. ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ રદ કરવામાં આવી છે. ટ્રેન સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ મેળવવા માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## જવાહર સોસાયટીમાં પૌત્રીના પ્રેમલગ્નના વિવાદમાં ઘરમાં ઘુસી વૃધ્ધા સહિત પરિવાર ઉપર હુમલો, બે સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં ભડીયાદ રોડ ઉપર જવાહર સોસાયટીમાં પૌત્રી પ્રેમલગ્ન કરીને ભાગી ગયેલ જે બાબતે તેના સગાઓ સાથે થયેલ બોલાચાલીનો પૂર્વગ્રહ રાખી ઘરમાં ઘુસી બે શખ્સોએ વૃધ્ધા સહિતના પરિવારના સભ્યોને ધોકા વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી, ત્યારે વૃધ્ધા સહિતના પરિવારના ત્રણ જેટલા સભ્યોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા, હાલ ભોગ બનનાર વૃધ્ધાની ફરિયાદને આધારે પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ બી ડિવિઝન પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, મોરબી-૨ ભડીયાદ, સાયન્સ કોલેજ પાછળ જવાહર સોસાયટીમાં શેરી નં.૫ માં રહેતા જગુબેન ભગવાનજીભાઈ સનાળીયા ઉવ.૬૦ એ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બી ડિવિઝન પોલીસ સમક્ષ આરોપી સુમિત હસમુખભાઈ તથા પિયુષ હસમુખભાઈ રહે.બન્ને મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યા મુજબ, જગુબેન પોતાનાં પરિવાર સાથે મોરબી શહેરમાં રહે છે. તેમના દિકરા મહેન્દ્રભાઈની દિકરી આરતીબેન, થોડા સમય પહેલાં પ્રેમલગ્ન કરીને ઘર છોડીને ભાગી ગયી હતી, ત્યારે ગઈકાલે સવારે દસ વાગ્યાના અરસામાં જ્યારે જગુબેન તેમના દિકરા વસંતભાઈ, મહેન્દ્રભાઈ અને પૌત્ર પ્રદિપ સાથે ઘરમાં હાજર હતા ત્યારે આરતીબેનના પ્રેમીપતિના કાકાના ભાઈઓ આરોપી સુમીતભાઈ હસમુખભાઈ અને આરોપી પીયુષભાઈ હસમુખભાઈ ઘરમાં ઘૂસી આવ્યા હતા. તેઓએ વસંતભાઈ સાથે બોલાચાલી શરૂ કરી હતી અને વાત વણસતાં આરોપી સુમીતભાઈએ વસંતભાઈને ધક્કો માર્યો અને ગાળો બોલવા લાગ્યા હતા, જેથી જગુબેન સમજાવવા જતા આરોપી સુમીત ઉશ્કેરાઈ ગયો અને તેણે લાકડાનો ધોકો જગુબેનના હાથમાં મારી દેતા, તેમને બચાવવા જતા તેમનો દિકરો મહેન્દ્રભાઈ અને પૌત્ર પ્રદીપને પણ આરોપી પીયુષભાઈએ ધોકા વડે માર માર્યો હતો. જેથી પ્રદીપના માથે ધોકો લાગતાં લોહી નીકળ્યું અને મહેન્દ્રભાઈને મોઢામાં ઈજા પહોંચી હતી. ત્યારે ઘટનાને પગલે આસપાસના લોકો ભેગા થતા આરોપી બને ભાગી છૂટ્યા હતા. ત્યારે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી ત્રણેય ઈજાગ્રસ્તને મોરબી સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં જગુબેનના હાથમાં ફ્રેક્ચર તથા પ્રદીપના માથામાં ત્રણ ટાંકા આવ્યાં હતા. હાલ બી ડિવિઝન પોલીસે ફરિયાદના આધારે બન્ને આરોપીઓ વિરુદ્ધ બીએનએસ ની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

## વાંકાનેરમાં ઈલેક્ટ્રોનિક્સ દુકાનમાં લાગેલી વિકરાળ આગથી ભારે નુકસાન

### દોઢ કલાક સુધી ફાયર બ્રિગેડ ન પહોચતાં સ્થાનિકો પોતે આગ ઓલવવા મજબુર બન્યા

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર શહેરના હોસ્પિટલ રોડ પર આવેલ બાપુના બાવલા નજીક એક ઈલેક્ટ્રોનિક્સ રીપેરીંગ દુકાનમાં શોર્ટ સર્કિટના કારણે રાતે અચાનક આગ ભભૂકી ઉઠી હતી. ફાયર બ્રિગેડના અભાવે સ્થાનિક લોકોએ આગ બુઝાવવા પ્રયાસો શરૂ કર્યા હતા. દોઢ કલાક પછી પણ ફાયર ટીમ નહીં પહોંચતાં લોકોએ પાણીની નળીઓથી આગ ઓલવવાનું ચાલુ કર્યું હતું. જ્યારે બીજીબાજુ દુકાનમાં રહેલા ગેસના બાટલાઓ ફાટતાં સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો.

વાંકાનેર શહેરમાં આગની ઘટનાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે, ત્યારે ગઈકાલ રાત્રીના ૧૦.૩૦ વાગ્યાની આસપાસ શહેરના હોસ્પિટલ રોડ પર નગરપાલિકા ગેરેજ સામે આવેલી એક ઈલેક્ટ્રોનિક્સ રીપેરીંગ દુકાનમાં અચાનક આગ લાગી હતી. પ્રારંભિક માહિતી મુજબ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું અનુમાન છે. દુકાનમાં રહેલા ઈલેક્ટ્રોનિક સાધનો અને ગેસના બાટલાઓથી આગ વધુ ભડકી હતી અને બાટલાઓ ફાટી જતા ધડાકાની સાથે આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું.

દુર્ભાગ્યવશ વાંકાનેર નગરપાલિકા પાસે પોતાની કોઈ ફાયર બ્રિગેડની ટીમ કે સાધન ન હોવાથી દોઢ કલાક સુધી કોઈ મદદ ન મળતા, નગરપાલિકાની બેદરકારી સામે લોકોમાં રોષની લાગણી છવાઈ ગઈ હતી. સ્થાનિક રહેવાસીઓએ પાણીની નળી, ડોલ તથા ટાંકી વડે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ ટીમ



ઘટનાસ્થળે દોડી આવી અને સ્થાનિક લોકોની મદદથી આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. હાલ આગને કારણે થયેલા નુકસાનના આંકલન અને વધુ તપાસ માટે પોલીસ અને નગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરાઈ રહી છે.

## ચંદ્રગઢ-વાવ બેરાજા ગામના વાડી વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈનના કામનું ખાતમુહૂર્ત કરાયું

**મુખ્ય સમાચાર,જામનગર**

રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ચંદ્રગઢ-વાવ બેરાજા ગામના વાડી વિસ્તારમાં રૂ.૧૨ લાખથી વધુના ખર્ચે પીવાના પાણીની પાઈપલાઈનના કામનું ખાતમુહૂર્ત કરાયું હતું.આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે રસ્તા તથા પાણીની ગ્રામજનોની વારંવારની રજૂઆતોને ધ્યાને લઈ સરકારે યોગ્ય મંજૂરી આપતા આજે આ વિકાસ કામોના ખાતમુહૂર્ત થઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સમગ્ર દેશના દરેક ઘરોને નળથી જળ ઉપલબ્ધ થાય તે માટેની નેમને સાકાર કરવાનો આ યથાર્થ પ્રયાસ છે.મંત્રીએ વધુમાં જણાવ્યું કે ખેડૂતોને પૂરતો વીજ પુરવઠો મળી રહે, સિંચાઈનું પાણી તથા પાકના પોષણક્ષમ ભાવો મળે તે માટે સરકાર સતત ચિંતિત છે અને આ દિશામાં સકારાત્મક નિર્ણયો લઈ પૂરતા પ્રયત્નો કરી રહી છે.ખેડૂતને પોતાની જણસનું યોગ્ય વળતર મળી રહે તે માટે ટેકાના પૂરતા ભાવો સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે અને સમયસર તેની ખરીદી કરી ખેડૂતોને કોઈપણ જાતનું આર્થિક નુકસાન ન થાય તેની કાળજી લેવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે જામનગર તાલુકા હેઠળના વાવ-બેરાજા ગામની મોટાભાગની વસતી આસ પાસના વાડી વિસ્તારોમાં રહે છે. આથી આ ગ્રામજનોને પીવાના પાણી માટે કોઈ મુશ્કેલી ન પડે તે માટે સસોઈ જૂથ યોજનાના ચંદ્રગઢથી વાડી વિસ્તારમાં બનાવવામાં આવેલ ૫૦ હજાર લીટર ક્ષમતાના હયાત સંપ સુધી ૯૦ મી.મી. વ્યાસની અંદાજિત ત્રણ કિ.મી.ની પી.વી.સી. પાઈપલાઈન તથા પંપિંગ મશીનરીના કામ માટે



રૂ.૧૨,૯૪,૬૮૦ ની સરકાર દ્વારા મંજૂરી મળેલ છે. જે કામગીરીની અમલવારી ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવશે. આ કામગીરી પૂર્ણ થયેથી વાવ બેરાજા ગામની આસ પાસના વાડી વિસ્તારમાં રહેતા લોકોની સુખાકારીમાં વધારો થશે.આ પ્રસંગે હાપા માર્કેટિંગ યાર્ડના ચેરમેન મુકુંદભાઈ સભાયા આગેવાન સર્વ ડો.વિનુભાઈ ભંડેરી, કુમારપાલસિંહ રાણા, ગિરિરાજસિંહ જાડેજા સહિત ગામના સરપંચશ્રીઓ તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાજપના કોર્પોરેટર અને વોર્ડ પ્રભારી વચ્ચે ઉગ્ર બોલાચાલી

### પેડક રોડ પર ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સરાજાહેર આબરૂના ધજાગરા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર ભાજપનું વોર્ડ વાઈજ સંગઠન જાહેર થતા ધીરેધીરે અંદરનો ઉકળાટ બહાર આવી રહ્યો છે. સામાકાંઠા વિસ્તારમાં વોર્ડ નં.૫માં વોર્ડના હોદ્દેદારોની નિમણુંકનો વિવાદ ચરમસીમાએ પહોંચ્યો હોય તેમ વોર્ડ પ્રભારી અને કોર્પોરેટર વચ્ચે ઉગ્ર માથાકુટ બાદ મામલો ગાળાગાળી અને ઝપાઝપી સુધી પહોંચી ગયાનું જાણવા મળે છે.

મળતી માહિતી મુજબ સામાકાંઠા વિસ્તારમાં પેડકરોડ ઉપર ખાતમુહુર્તના કાર્યક્રમ વખતે જ મેયર તેમજ શહેર ભાજપના મહામંત્રી તથા ૨૦૦ જેટલા આ વિસ્તારના કાર્યકરોની હાજરીમાં આ તમાસો સર્જાતા ભારે ચકચાર જાગી છે.

સંગઠનની નવી ટીમના



ખાતમુહુર્તના પ્રથમ કાર્યક્રમમાં જ કોર્પોરેટર અને વોર્ડ પ્રભારી વચ્ચે ઉગ્ર જીભાજોડી બાદ ગાળાગાળી અને મારામારી થતા ત્યાં હાજર આગેવાનો અને કાર્યકરો સ્તબ્ધ થઈ ગયા હતા અને વચ્ચે પડી મામલો થાળે પાડયો હતો.

સ્થાનીક કાર્યકરોમાં ચર્ચાતી વિગતો મુજબ તાજેતરમાં થયેલી સંગઠનની નિમણુંકોને લઈને વિવાદ સર્જાયો હતો. જેમાં કોર્પોરેટર દિલીપ લુણાગરીયાએ વોર્ડ પ્રભારી દુષ્યંત સંપટને નવી નિમણુંકો અંગે સવાલો કરતા બબાલ થઈ હતી.

લુણાગરીયાએ જણાવ્યું હતું કે સંગઠનમાં નિમણુંકો માટે અમારી પાસેથી નામો મંગાવો છે અને નિમણુંકો બીજાની કરી દયો છો? તો અમારે કાર્યકરોને જવાબ કેવી રીતે આપવા? આવા અણીયારા સવાલો બાદ દુષ્યંત સંપટ અને લુણાગરીયા વચ્ચે પ્રથમ ઉગ્ર જીભાજોડી બાદ ગાળાગાળી થઈ હતી અને ત્યારબાદ મામલો મારામારી સુધી પહોંચી ગયાની ચર્ચા છે.

જો કે આ અંગે ભાજપના ત્યાં હાજર હોદેદારોએ મૌન સેવી લીધુ છે અને સામાન્ય રકઝક થયાનું જણાવી વાત ટાળવા પ્રયાસો કરી રહ્યા છે.

## જેતપુર શહેર પોલીસના બે કર્મીની કામગીરી બિરદાવાઈ



જેતપુર સીટી પોલીસ સ્ટેશનના બે કર્મચારીઓની સારી કામગીરી બદલ સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટ જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા જેતપુર સીટીમાં ફરજ બજાવતા અમિતભાઈ સિદ્ધપરા અને સાગરભાઈ ઝાપડિયા એ જેતપુર સીટીમાં બનતા ગુનાના આરોપીઓને પકડવામાં ખુબ સારી કામગીરી કરેલ, તેમજ તેરા તુજકો અર્પણથ અંતર્ગત લોકોને પોતાના મોબાઈલ પરત અપાવવા માટે સરાહનીય કામગીરી કરેલ તથા અસામાજિક પ્રવૃત્તિ કરનાર ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં કર્તવ્યનિષ્ઠા દાખવી તે બદલ જેતપુર સીટી પોલીસ સ્ટેશનના બંને કર્મચારીઓને પ્રશંસા પત્ર આપી, કર્મચારીઓના જોમ અને જુસ્સાને બિરદાવેલ છે.

## મોરબીમાં હનુમાન જન્મોત્સવ નિમિતે વિશાળ સામૂહિક સુર્ય નમસ્કારનું આયોજન

### વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા આયોજિત કાર્યક્રમમાં નવયુગ ગ્રુપ અને આયુષ હોસ્પિટલનો સહયોગ

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના લીલાપર કેનાલ રોડ પર સ્થિત રામોજી ફાર્મ ખાતે તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫, શનિવારે સવારે ૫:૪૫ થી ૭:૩૦ સુધી હનુમાન જન્મોત્સવ નિમિતે બાલોપાસના દિવસે સામૂહિક સુર્યનમસ્કારનું આયોજન કરાયું છે. કાર્યક્રમમાં ભાગ લેનારોએ યોગ મેટ અને પાણીની બોટલ સાથે લાવવા અનુરોધ કરાયો છે.

મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ મોરબી પ્રખંડ દ્વારા મોરબીના તમામ સનાતન હિન્દુ ભાઈઓ અને બહેનો માટે પવિત્ર બાલોપાસના દિવસે શ્રી હનુમાન જન્મોત્સવ નિમિતે એક વિશાળ સૂર્ય નમસ્કાર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૧૨/૦૪/૨૦૨૫, શનિવારના રોજ સવારે ૫:૪૫ વાગ્યે શરૂ થશે અને ૭:૩૦ સુધી ચાલશે. તેનું સ્થળ લીલાપર કેનાલ રોડ પર નવયુગ પ્રી સ્કૂલ પાસે સ્થિત રામોજી ફાર્મ રાખવામાં આવ્યું છે. આ આયોજનમાં સૌજન્ય તરીકે નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશન અને આયુષ મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ જોડાઈ છે, જ્યારે



વિનય કરાટે એકેડમી અને યોગોમ યોગ ક્લાસીસ કાર્યક્રમના સહયોગી તરીકે સહભાગી બન્યા છે.

આ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન પ્રક્રિયા ચાલી રહી છે, અને રસ ધરાવતા આગ્રહીઓએ ચેતનભાઈ પાટડીયા (૮૫૧૧૧૧૧૦૮૦), ભાર્ગવભાઈ ભાટીયા (૯૯૨૪૦૦૪૦૭૬), તેજલબેન કણજારિયા (૭૮૬૧૮૬૬૯૭૫) અથવા દેવાંગીબેન વ્યાસ (૯૪૮૪૯૬૫૬૬૭) સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાગ લેનાર યોગમેટ અથવા ચટાઈ તથા પોતાની પાણીની બોટલ સાથે લાવવાની રહેશે.

# રાજકોટમાં સૌથી મોટા અને અદ્યતન જીમ લેટ્સ ફીટ જીમનો કાલથી શુભારંભ

લેટ્સ ફિટ જીમ એટલે ફિટનેશનું બેસ્ટ ડેસ્ટિનેશનઃ લેટ્સ ફિટ જીમમાં લાર્જેસ્ટ જીમ ફ્લોર, સ્ટીમ બાથ, આઇસ બાથ, ડાન્સ સ્ટુડિયો, ઓપન થિયેટર સ્કીન, ફૂટબોલ-ક્રિકેટ ટર્ફ સહિતની સુવિધા ઉપલબ્ધ















**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજના ઝડપી અને આધુનિક યુગમાં દરેક વ્યક્તિ પોતાની ક્ષમતા કરતા પણ વધુ મહેનત કરવા લાગ્યો છે. આ સમયે તન-મન તંદુરસ્તી જરૂરી બની જાય છે. શરીરને સાચવવા પાછળ પણ પરતું ધ્યાન આપવું એ આપણી પ્રાથમિક મજરૂરિયાત છે. તન તંદુરસ્ત તો મન તંદુરસ્ત !અને એ બંને તંદુરસ્ત તો માનવને ઈંનાનામોટા રોગથી લઈ દરેક મોટામાંમોટી સમસ્યામાંથી છુટકારો મળી જાય છે. તન-મન તંદુરસ્ત રાખવા વર્તમાન સમયમાં વ્યાયમ-કસરત કરવા જરૂરી બન્યા છે ત્યારે રાજકોટના લોકોની તંદુરસ્તીમાં વધારો કરવા અને સ્વાથ્ય જાળવવા લેટ્સ ફિટ જીમનો શુભારંભ થવા જઈ રહ્યો છે.

રાજકોટના સૌથી મોટા લેટ્સ ફિટ સ્પોર્ટ્સ લાઉન્જ જીમનું ઉદ્દઘાટન આગામી તા. ૧૨/૦૪/૨૦૨૫ને શનિવારે સવારે ૯ કલાકે ગ્રીનફિલ્ડ ગાર્ડન પાસે મોટા મૌવા ખાતે થશે. લેટ્સ ફિટ જીમ એટલે ફિટનેશના બેસ્ટ ડેસ્ટિનેશન ખાતે ઉપસ્થિત રહેવા જીમ પ્રેમીઓને જણાવવામાં આવ્યું છે. રાજકોટમાં જીમ તો ઘણા છે પરંતુ આ જીમ રાજકોટનું સૌથી મોટું અને વિશાળ ફિટનેશ સેન્ટર બની રહેશે. જેમાં ફિટનેસને સંબધિત દરેક પ્રકારની મશીનરી નાના બાળકોથી લઈ દરેક ઉંમરના લોકો માટે ઉપલબ્ધ છે. આટલું જ નહીં લેટ્સ ફિટ જીમમાં લાર્જેસ્ટ જીમ ફ્લોર, સ્ટીમ બાથ, આઈસ બાથ, ડાન્સ સ્ટુડિયો, ઓપન થિયેટર સ્કીન, ઝૂમ્બા, એરોબિક્સ, ફૂટબોલ-ક્રિકેટ ટર્ફ સહિતની સુવિધા ઉભી કરવામાં આવી છે.

## શ્યામલાલજી પ્રભુના સાંનિધ્યમાં આવતીકાલે યમુનાજીનો ચુંદડી મનોરથ



રાજકોટની સૌથી પ્રાચીન શ્યામલાલજીની હવેલીમાં આવતીકાલે તા. ૧૨ ને શનિવારે રોજ ચૈતી પૂનમ એ યમુનાજીના ચુંદડી મનોરથનું અલૌકીક આયોજન કરાયું છે જેના દર્શનનો સમય સાંજે ૦૬:૦૦ થી ૦૭:૩૦ કલાક સુધી રાખેલ છે તો સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને યમુનાજીના ચુંદડી મનોરથના અલૌકીક દર્શનનો લાભ લેવા મુખિયાજી શ્ર જયેશભાઈ હરિદાસભાઈ તરફથી ભાવભર્યુ નિમંત્રણ પાઠવાયુ છે. જેનું સ્થળ શ્ર શ્યામલાલજી ની હવેલી( જૂની સદરની હવેલી ) પંચનાથ મેઈન રોડ,જય સીયારામ પેંડા વાળા ની સામે , રાજકોટ રહેશે હવેલી ફોન નંબર :-૮૫ ૧૧ ૭૬૩ ૭૬૩ જેના પર સંપર્ક કરવો.

## આમ આદમી પાર્ટીનું 13 એપ્રિલે વિસાવદર ખાતે મહાસંમેલન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજે આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયજી, સહ પ્રભારી દુર્ગેશ પાઠકજી, સહ પ્રભારી ગુલાબસિંહ યાદવજી, પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખિલ અને કિસાન સેલના પ્રદેશ પ્રમુખ રાજુભાઈ કરપડાની આગેવાનીમાં ગુજરાત પ્રદેશ સંગઠનની સૌરાષ્ટ્ર ઝોનની મીટીંગ યોજાઇ હતી. આ મિટિંગમાં તમામ પ્રદેશના નેતાઓની સાથે સાથે રાજકોટ શહેર પ્રમુખ દિનેશ જોષી, રાજકોટ જિલ્લા પ્રમુખ તેજસ ગાજીપરા, ગુજરાત પ્રદેશ ટ્રેડિંગ પ્રમુખ શિવમભાઈ બારસિયા, રાજકોટ લોકસભા ઇન્ચાર્જ દિલીપ સિંહ વાઘેલા, ગુજરાત પ્રદેશ મહિલા ઉપપ્રમુખ નિમિષાબેન ખૂંટ સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન પ્રદેશ પ્રભારી ગોપાલ રાયએ મીડિયા સમક્ષ વાત કરતા જણાવ્યું હતું કે ગુજરાતમાં મિથ્યા હતી તે ગુજરાતમાં ત્રીજી પાર્ટીને લોકો અપનાવતા નથી, પરંતુ આમ આદમી પાર્ટીને ૪૦ લાખથી વધુ વોટ આપીને લોકોએ આ મિથ્યાનો ભંગ થયો. લોકોએ આ સાથે જ સ્પષ્ટ સંદેશ આપ્યો કે આમ આદમી પાર્ટી ગુજરાતના લોકો માટે એક ઉમ્મીદની કિરણ છે. પાંચ સીટો પર અમારી જીત થઈ હતી અને ૩૯ સીટો એવી હતી અમે બીજા નંબરે રહ્યા હતા. આ સિવાય પણ બીજી અનેક સીટ ઉપર લોકો એમને ખૂબ જ મોટી સંખ્યામાં વોટ આપીને સમર્થન કર્યુ. જે જગ્યા પર થોડી ઘણી કમી રહી ગઈ હતી તે કમીને દૂર કરવા માટે અને સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે અમને જવાબદારી આપી. આઠ તારીખે અમે ગુજરાત આવ્યા અને ૯ તારીખે ગાંધીનગર ખાતે સંગઠનની મીટીંગ કરી. ગઈકાલે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અમદાવાદમાં અનેક યુવાનો સાથે અમારી મીટીંગ થઈ અને આજે રાજકોટમાં અમારા કાર્યકર્તાઓ સાથે સંગઠનની મીટીંગ છે. ૧૩ એપ્રિલના રોજ વિસાવદર ખાતે સમગ્ર ગુજરાત પ્રદેશના સંગઠનનું કાર્યકર્તા સંમેલન અમે યોજવા જઈ રહ્યા છીએ. ગુજરાતની તમામ લોકસભા અને વિધાનસભાઓના પ્રમુખ આ સંમેલનમાં હાજર રહેશે. ૧૩ એપ્રિલ બાદ અમે સમગ્ર ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકના સંગઠન નિર્માણનું કામ શરૂ કરીશું.

## જૈન અગ્રણી મયુરભાઈ શાહનુ જાજરમાન અભિવાદન



રાજકોટની સેવાભાવી સંસ્થા જૈન વિઝન આયોજીત આવો રે આવો મહાવીર નામ લઈએ... ભવ્ય એવમ્ દિવ્ય કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ના પુર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતીમાં રાજકોટ મેયર નયનાબેન પેઢડીયાના વરદ્ હસ્તે મોમેન્ટો અર્પણ કરી ધરતીનાં ધ્રુવ, સેવા જેનો પ્રાણ છે એવાં સેવા જૈન જગતના ઘરેણાં , મયુરભાઈ શાહનું સામાજીક ધાર્મિક સેવાઓ બદલ બહુમાન અભિવાદન કરાયું હતું

## ઢેબર રોડ પર આવેલ ગોપાલનગર શ્રમજીવી સોસાયટી સહિતના વિસ્તારમાં અશાંતધારો લાગુ કરવા કલેકટરને રજૂઆત



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટના ઢેબર રોડ પર આવેલ ગોપાલ નગર શ્રમજીવી સોસાયટી તેમજ આજુબાજુના અન્ય વિસ્તારોમાં અશાંત ધારો રલાગુ કરવા આજે અહીંના રહેવાસીઓએ કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે વિધર્મી પરિવાર દ્વારા આ વિસ્તારમાં ઉંચી કિંમતે મકાનો લઈ પગ પેસારો કરાયો છે તેમજ ગોપાલ નગરના શેરી નંબર ચાર અને પાંચમાં પણ વિધર્મી લોકો દ્વારા મકાન ખરીદવામાં આવ્યું છે તો આ અંગે આ તમામ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરી તાત્કાલિક કાર્યવાહી કરવા જણાવ્યું છે

## હનુમાનજીઃ મેનેજમેન્ટના શ્રેષ્ઠ ગુરુ - આધુનિક લીડરશિપ માટે શાશ્વત પ્રેરણા



ભારતીય સંસ્કૃતિમાં હનુમાનજી માત્ર ભક્તિ અને શક્તિના પ્રતિક જ નથી, પરંતુ તેઓનું જીવન એક ઉત્તમ મેનેજમેન્ટ કેઈસ સ્ટડી છે. આજે જ્યારે લીડરશિપ, ટીમ મેનેજમેન્ટ, પ્રોબ્લેમ સોલ્વિંગ જેવી કુશળતાઓને મોટું મહત્વ અપાય છે, ત્યારે હનુમાનજીના જીવનમાંથી ઘણી એવી શીખ મળી શકે છે જે આધુનિક વ્યવસાય જગત માટે પણ ખૂબ ઉપયોગી છે.

૧. અખંડ લોયલિટી - સમર્પણ એ સફળતા માટેની ચાવી હનુમાનજીની શ્રીરામ માટેની અડગ ભક્તિ એ આજના કર્મચારીઓ માટે લોયલિટીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. તેઓએ ક્યારેય પોતાના ઈગો કે ખ્યાતિને આગળ મૂક્યો નહીં. આજના મેનેજર માટે પણ, પોતાની ટીમ અને સંસ્થાની વિઝન માટે સમર્પિત રહેવું ખૂબ જરૂરી છે.૨. લીડરશિપ વિથ સેવાના ભાવ - સેવાનો અમૃતસ્નાન હનુમાનજી એવા લીડર હતા જેમણે સર્વે માટે સ્વ નહીં પણ સ્વ માટે સર્વે ભાવ રાખ્યો. તેમણે લીડરશિપનો ઉપયોગ સત્તા માટે નહીં, સેવા માટે કર્યો - જેવી કે સંજીવની લાવવા જઈને લાખોનો જીવ બચાવવો. આ આજના સર્વિંગ લીડરશિપ મોડેલને ાયરિયભહિું તીશર્િથાય છે. ૩. સ્ટ્રેટેજિક થિંકિંગ અને ડીસિઝન મેકિંગ જ્યારે સીતા માતાની શોધ માટે લંકા જઈ રહ્યા હતા, ત્યારે હનુમાનજી પોતાના દૂત તરીકેના કાર્યમાં સંપૂર્ણ રણનીતિ સાથે ગયાઃ પહેલું, લંકામાં ચુપચાપ પ્રવેશ બીજું, સીતા માતા સુધી પહોંચવું ત્રીજું, રાવણને સંદેશ આપવો અને છેલ્લે, લંકાને દહન કરીને શક્તિનો સંકેત આપવો.આ બધું modern project execution જેવી રીતે ાયરિયભહિું યદ્ઘયભીયિંમ હતું. ૪. કમ્યુનિકેશન માસ્ટરી સંચાર એ સંવાદ છે, સિદ્ધિ નહીં રાવણની સભામાં પણ હનુમાનજી શાંતિ અને શિષ્ટતાથી વાત કરે છે. તેઓ ગૂંથેલા સંદેશને પણ સ્પષ્ટ રીતે રજૂ કરે છે. તેઓના સંવાદમાં સ્પષ્ટતા, શ્રદ્ધા અને ધૈર્ય છે - જે qualities આજના કોર્પોરેટ લીડર્સ માટે ખૂબ મહત્વની છે.૫. ઈનોવેશન અને એડેપ્ટેબિલિટી - સ્થિતિ પ્રમાણે ફેરફારહનુમાનજી હંમેશા પરિસ્થિતિ પ્રમાણે પોતાનો અભિગમ બદલતા. ઉદાહરણ તરીકે, જ્યારે સમય ઓછો હતો અને સંજીવની ઓષધી ઓળખાઈ શકતી ન હતી, ત્યારે આખો પર્વત ઉંચકી લાવવો એ બિનપરંપરાગત પણ અસરકારક નિર્ણય હતો. આજના સમયમાં innovation એ survival માટે જરૂરી બની ગયું છે. ૬. ટીમ વર્ક અને ડેલીગેશન રામાયણમાં હનુમાનજી અનેક વાર પોતાની જવાબદારી ટીમના અન્ય સભ્યો સાથે વહેંચે છે. તેઓએ અંગદ, જાંબવંત, સુષેણ જેવા વાનરોની ખાસિયતો ઓળખીને તેમને યોગ્ય કાર્ય સોંપ્યા - જે effective delegation નું એક classic example છે. ૮. લોયલિટી અને ડેડિકેશન હનુમાનજીની શ્રીરામ પ્રત્યેની અડગ ભક્તિ અને સમર્પણ આજે પણ કોઈ લીડર માટે પ્રેરણારૂપ છે. તેમણે પોતાના આદરશના પરમાર્થ માટે કાયમ પોતાના સ્વાર્થને બાજુએ રાખ્યો.૯. ટીમ વર્ક અને નેતૃત્વ વાનર સેના સાથે કામ કરવું, દરેકને સાથે લઈને ચાલવું અને જરૂર પડે ત્યારે આગેવાની લેશે એ હનુમાનજી પાસે હતા.૧૦. પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કિલ્સ સીતા માતાનો પત્તો શોધવો, સંજીવની લાવવી, લંકા દહન કરવું - દરેક કાર્યમાં તેમણે નવી રીતો અપનાવી, સમયસર નિર્ણય લીધા.૧૧. મિશન ફોકસ્ડ હનુમાનજી ક્યારેય તેમના મિશનથી વિમુખ થયા નહીં. તેમનો ધ્યાન હંમેશાં કામ પર રહ્યો. ૧૨. કમ્યુનિકેશન સ્કિલ્સ રાવણની સભામાં પણ હનુમાનજી ધૈર્યપૂર્વક અને પુરાવા સાથે વાત કરતા હતા. લીડર્સ માટે today's corporate worldમાં effective communication ખૂબ અગત્યનું છે.નિષ્કર્ષહનુમાનજી માત્ર ભક્તિ અને શક્તિના પ્રતિક નથી - તેઓ એક visionary strategist, charismatic leader, and loyal team player હતા. તેમના ગુણો આજના યુવાનો, મેનેજરો અને નેતાઓ માટે શાશ્વત પ્રેરણારૂપ છે. સાચી લીડરશિપ માત્ર પદથી નહીં, પણ કર્મ અને વિચારોથી થાય છે ,અને એ વાત હનુમાનજી સાબિત કરે છે. અંતમાંઃ જેની પાસે હનુમાન જેવી ભક્તિ, બુદ્ધિ અને ભરોસો છે, તે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકે છે.

## કાલથી કૃષિ જન આંદોલન સમિતિ દ્વારા ખેડૂતો માટે સુભાષ પાલેકરની ત્રી-દિવસીય તાલીમ શિબિરનું આયોજન

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સમગ્ર ગુજરાત ના ખેડૂતો માટે સૌરાષ્ટ્ર પ્રદેશ સુભાષ પાલેકર કૃષિ જન આંદોલન સમિતિ દ્વારા કૃષિ જાઊં વિષય પર તા.૧૨,૧૩,૧૪ એપ્રિલ -૨૦૨૫, ત્રીમંદિર (દાદા ભગવાન મંદિર), તરઘડિયા ચોકડી, રાજકોટ-અમદાવાદ હાઈવે, રાજકોટ ખાતે સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦ વાગ્યા સુધી ૩ દિવસીય નિવાસીય તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

ડો.સુભાષ પાલેકર હિન્દીમાં વક્તવ્ય આપશે અને સાથે જ તેમના દ્વારા બોલાયેલા દરેક વાક્યનો ગુજરાતીમાં અનુવાદ કરવામાં આવશે.

આ શિબીરમાં એક સાથે ૬૦ થી વધુ પાકો જેવા કે ૪૬ પ્રકારના ફળઝાડ, ૬૦ પ્રકારની શાકભાજી, ૯ પ્રકારના મિલેટ્સ ઋતુ પ્રમાણે સુર્ય પ્રકાશની માત્રામાં (કેન્ડલ શક્તિ) મુજબ પાંચ સ્વરમાં જેમ કે જમીનમાં કંદમૂળ, ઉપર ધાણા, મેથી, પાલક જેવા, ઉપર નાના છોડ, તાર ઉપર વેલાવાળા શાકભાજી, ઉપર બહુવર્ષિય મોટા વૃક્ષો એકબીજાના છાયામાં સહજીવનથી કેવો વિકાસ કરે છે અને ખેતી ખર્ચ, મહેનત કેવી રીતે ઓછી થાય છે. ૨૪ડ૭ કલાક ખેતરમાં ગમે ત્યારે જાવ ત્યારે બારેમાસ કોઈને કોઈ ફળ, શાકભાજી ઉતારીને અઝખ ની જેમ કાયમી આવક મેળવી શકો છો, તે પણ ઝેરી દવા, ખાતર વગરના, તંદુરસ્ત શાકભાજી, ફળના છોડ, ઓછા પાણીએ કેવો વિકાસ કરે છે. આચ્છાદનથી કુદરતી સુક્ષ્મ જીવો કેવું કામ કરે છે તેનો અનુભવ થશે. શિબિરમાં ઉપસ્થિત કોઈને પણ પ્રશ્ન હોય તો તે ગુરૂજી (પાલેકરજી)ને રૂબરૂ પુછીને શંકાનું સમાધાન પણ મેળવી શકાશે.

શિબિરમાં ભાગ લેનારે ૧૧, એપ્રિલે સાંજ સુધીમાં શિબિર સ્થળ પર પહોંચી જવાનું રહેશે. ૧૧ તારીખે સાંજે ૮.૩૦ સુધી શિબિર સ્થળે પહોચી જનાર દરેક માટે ભોજન ની વ્યવસ્થા રાખવામાં આવી છે.

૧૨ મી એપ્રિલથી દરરોજ સવારે ૮.૦૦ કલાકે શરૂ થશે અને રાત્રે ૮.૦૦ સુધી ચાલુ રહેશે. ત્રણ દિવસ માટે કુલ પ્રવેશ ફી રૂ.૯૦૦ વ્યક્તિદીઠ ચૂકવવાની છે, જેમાં પેડ, પેન, બેચ, ૩ દિવસ ચા, ગુજરાતી નાસ્તો, મધ્યાહન (ગુજરાતી ભોજન,) રાત્રિ(ગુજરાતી ભોજન) રહેવાની વ્યવસ્થા ડોર્મેટરી હોલ, તાલીમ હોલ કૂલર સાથે બેઠક વ્યવસ્થા, સ્ટેજ વ્યવસ્થા, સાઉન્ડ




(તસ્વીરઃ આનંદ જાવિયા)

સિસ્ટમ ,પ્રોજેક્ટર ઉપરાંત ડો. સુભાષ પાલેકર દ્વારા લખાયેલ નવીનતમ માર્ગદર્શિકા પુસ્તક(₹૩૦૦) પણ દરેક ખેડૂત ને આપવામાં આવશે.તાલીમ શિબિરની વધુ માહિતી માટે હરેશભાઈ વેકરીયા (મો.૯૭૫૫૦ ૩૮૧૭૭), કાંતિભાઈ પટેલ (મો.૯૮૨૪૨ ૩૩૭૨૯), રશ્મીકાંત મકવાણા (મો. ૯૯૦૯૯ ૯૮૨૦૭), શાંતિભાઈ ખાંટ (મો.૯૪૦૮૫ ૨૬૪૩૮), અશ્વિનભાઈ બોડા (મો.૯૭૧૪૦ ૩૫૦૨૮), કશ્યપરાય (મો.૯૬૮૭૬ ૧૬૭૮૧), રમણીકભાઈ ચૌહાણ (મો. ૮૫૩૦૫ ૭૫૮૫૮), અમિત પાલેકર (મો.૯૬૭૩૧ ૬૨૨૪૦), કિશાન ગૌશાળાનાં ચંદ્રેશભાઈ પટેલ (મો.૯૭૨૫૨ ૧૯૭૬૧) પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ગાજવીજ સાથે વરસાદ પડશે, હીટવેવમાંથી રાહત મળશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્યમાં એપ્રિલ મહિનામાં ગરમીનો પારો હાઈ થતા લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. છેલ્લા ૧૦ દિવસથી મોટાભાગનાં શહેરોમાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. હવામાન વિભાગે આજથી બે ત્રણ દિવસ ગરમીમાં આંશિક રાહત મળવાની આગાહી કરવામાં આવી છે. જો કે, આ રાહત એક બે દિવસ જ રહેશે ત્યારબાદ તાપમાન ફરી ઊંચકાવાની આગાહી કરવામાં આવી છે. રાજકોટ, ડીસા, અમદાવાદ, અમરેલી, વડોદરા અને ભાવનગરમાં આજે પણ ૪૦ ડિગ્રી આસપાસ ગરમી રહેવાની શક્યતા છે. હવામાન વિભાગે ૧૦ એપ્રિલે પાંચ જિલ્લામાં હીટવેવની આગાહી આપી હતી. રાજ્યમાં આજે ૪૩.૩ ડિગ્રી સાથે અમદાવાદ સૌથી ગરમ રહ્યું હતું. ૮ શહેરોમાં આજે પણ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો હતો. કાળઝાળ તાપ અને આગઝરતી લુના આક્રમણે નગરજનોને ત્રસ્ત બનાવી દીધા હતા. જોકે આજે બપોરે ગરમીમાં સામાન્ય રાહત રહી હતી.

સ્થાનિક હવામાન વિભાગ મુજબ આજરોજ બપોરે પણ ૪૨.૮ ડીગ્રી તાપમાન નોંધાયુ હતું અને હવામાં ભેજ ૨૪ ટકા રહ્યો હતો. તથા પવનની ઝડપ ૧૬ કીમી રહેતા અંગ દઝાડતી લુનો અનુભવ થયો હતો.

દરમ્યાન આજે સવારે ૮-૩૦ કલાકે રાજકોટનું તાપમાન ૩૦.૨ ડીગ્રી અને લઘુતમ તાપમાન ૨૫ ડીગ્રી નોધાયુ હતું. જયારે સવારે હવામાં ભેજ ૪૩ ટકા રહ્યો હતો અને પવનની સરેરાશ ઝડપ ૧૦ કીમી રહેવા પામી હતી. દરમ્યાન આજે બપોરે અઢી ડીગ્રી જેટલુ તાપમાન ઘટતા આજરોજ નગરજનોએ આંશીક રાહત અનુભવી હતી. જોકે કાળઝાળ લુએ લોકોને હેરાન કર્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

